નગરપાલિકા વિસ્તારોમાં સ્વર્ણિમ જયંતી મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ થનારા કામોના અસરકારક અને કાર્યક્ષમ અમલીકરણ માટે જિલ્લા કક્ષાએ તાંત્રિક સમિતિની રચના બાબત.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ સજય/૧૪૨૦૧૦/ ૨૫૦૮૯૪/ધ

સચિવાલય, ગાંધીનગર

તા. 18 MAR 2010

આમુખઃ-

સ્વર્ણિમ જયંતી – મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત નગરપાલિકા વિસ્તારોમાં જુદા જુદા ઘટકો હેઠળ પાણી પુરવઠા, ગટર વ્યવસ્થા, સ્લમ વિસ્તારોમાં કરવાના કામો, શહેરોની આગવી ઓળખના કામો, આર્થિક રીતે નબળા લોકોના આવાસોનું બાંધકામ તથા સેવા સદનના બાંધકામ તથા રીનોવેશન વગેરે દ્વારા મોટા પ્રમાણમાં અસ્કયામતો ઉભી થનાર છે. આ ઉભી થનાર અસ્કયામતોની સમીક્ષા, ગુણવત્તા અને જાળવણી માટે જિલ્લા કક્ષાએ મદદ પુરી પાડવા તાંત્રિક સમિતિઓની રચના જરૂરી જણાઈ છે.

ઠરાવઃ-

નગરપાલિકા વિસ્તારોમાં માળખાકીય કામોના અસરકારક અમલીકરણ તથા કામોની ગુણવત્તા જળવાય રહે તે માટે પુખ્ત વિચારણાને અંતે જિલ્લા કક્ષાએ નીચે મુજબની તાંત્રિક સમિતીઓની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧)	કલેકટર અને ચેરમેનશ્રી ડુડા (DUDA)	અધ્યક્ષ
(૨)	અધિક કલેકટર અથવા નિવાસી નાયબ કલેકટરશ્રી	ઉપાધ્યક્ષ
(૩)	નગરપાલિકાઓ માટે જીલ્લાના સંકલન અધિકારીશ્રી	સભ્ય
(૪)	એકઝીકયુટીવ એન્જીનીયર, મા.મ. વિભાગ	સભ્ય
(૫)	એકઝીકયુટીવ એન્જીનીયર, GWSSB	સભ્ય
(૬)	જિલ્લાની નગરપાલિકાઓના મુખ્ય અધિકારીઓ	સભ્ય
(૭)	જિલ્લાની નગરપાલિકાઓના નોડલ અધિકારીઓ	સભ્ય
(૮)	ડુડા (DUDA) ના એન્જીનીયર	સભ્ય સચિવ
(૯)	નાયબ નગર નિયોજકશ્રી	સભ્ય
(૧૦)	કાર્યપાલક ઈજનેરશ્રી (સિંચાઈ)	સભ્ય
(૧૧)	કાર્યપાલક ઈજનેરશ્રી (વિદ્યુત)	સભ્ય
(૧૨)	નાયબ વનસંરક્ષકશ્રી	સભ્ય

(૧૩) આ ઉપરાંત કલેકટરશ્રી તેમને યોગ્ય લાગે તે અધિકારી અથવા અન્યને સભ્ય તરીકે હાજર રાખી શકશે.

દરેક કલેકટરશ્રી અને ચેરમેનશ્રી ડુડા (DUDA) એ ઉપર દર્શાવ્યા મુજબની સમિતીઓની રચના કરી તેની જાણ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને તાત્કાલિક કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કે. એન. ભટ્ટ)
અધિક સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

૧. અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
૨. અગ્રસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૩. અગ્રસચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર – ઘટતી કાર્યવાહી માટે.
૪. સચિવશ્રી, પાણી પુરવઠા, નર્મદા, જળ સંપત્તિ, પા.પુ. અને ક. વિભાગ ઘટતી કાર્યવાહી માટે.
૫. અધ્યક્ષશ્રી / સચિવશ્રી GWSSB, ગાંધીનગર.
૬. અધિક સચિવશ્રી (પ્રો), શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. સર્વે કલેક્ટરશ્રી અને ચેરમેનશ્રી ડુડા (DUDA) – ત્વરિત ઘટતી કાર્યવાહી કરવા તથા સમિતીના સંબંધિત સભ્યશ્રીઓને પરિપત્રિત કરવા સારૂ
૮. સેકશન અધિકારીશ્રી, ધ-શાખા, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૯. નાણા સલાહકારશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૦. નિયામકશ્રી નગરપાલિકાઓ, ગુજરાત સરકાર ગાંધીનગર, (સર્વે નગરપાલિકાઓને પરિપત્રિત કરવા સારૂ)
૧૧. પ્રાદેશિક નિયામકશ્રી, નગરપાલિકાઓ ગુજરાત રાજય, રાજકોટ.
૧૨. મેનેજિંગ ડિરેકટરશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની, ગાંધીનગર
૧૩. અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત શહેરી વિકાસ મિશન, ગાંધીનગર
૧૪. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગર
૧૫. સમિતીના સંબંધિત સભ્યશ્રીઓ
૧૬. શા. ગા. સિલેકટ ફાઈલ.

ગુજરાત મ્યુનિ. ફાયનાન્સ બોર્ડ
ગાંધીનગર
26 APR 2010
ઇનવર્ડ નંબર :

નગરપાલિકા વિસ્તારોમાં સ્વર્ણિમ જયંતી મુખ્ય મંત્રીશ્રી શહેરી વિકાસ યોજના હેઠળ થનારા કામોના અસરકારક અને કાર્યક્ષમ અમલીકરણ માટે જિલ્લા કક્ષાએ તાંત્રિક સમિતિની રચના બાબત...

ગુજરાત સરકાર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સજય/૧૪૨૦૧૦/૨૫૦૮૯૪/ધ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૧૯/૪/૨૦૧૦.

વંચાણે લીધોઃ- શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો તા.૧૮/૩/૨૦૧૦નો ઠરાવ ક્રમાંકઃ સજય/૧૪૨૦૧૦/૨૫૦૮૯૪/ધ.

સુધારોઃ-

ઉપર વંચાણે લીધેલા તા.૧૮/૩/૨૦૧૦ ના ઠરાવથી સ્વર્ણિમ જયંતી મુખ્ય મંત્રીશ્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત નગરપાલિકા વિસ્તારોમાં જુદા જુદા ઘટકો હેઠળ થનારા કામો માટે જિલ્લા કક્ષાએ મદદ પૂરી પાડવા તાંત્રિક સમિતિઓની રચના કરવાનું ઠરાવવામાં આવેલ છે.

આ સંદર્ભમાં પ્રસ્તુત તા.૧૮/૩/૨૦૧૦ના ઠરાવમાં તાંત્રિક સમિતિઓના કાર્યોમાં મુદા નં.૩ હેઠળ નીચેની બાબતો ઉમેરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૩(I) જે કામોની કામગીરી લાઇન ડીપાર્ટમેન્ટને સોંપવામાં આવેલ હોય તેવા કિસ્સામાં તાંત્રિક મંજૂરી આપવાની સત્તા જે તે વિભાગની જોગવાઇ મુજબ રૂ. ૨૫/- લાખ સુધી નાયબ કાર્યપાલક ઇજનેરને, રૂ. ૫૦/- લાખ સુધી કાર્યપાલક ઇજનેરને અને રૂ. ૫૦/- લાખ થી ઉપર જે તે વર્તુળના અધીક્ષક ઇજનેરને રહેશે. લાઇન ડીપાર્ટમેન્ટને સોંપવામાં આવેલ કામોની તાંત્રિક મંજૂરી તે વિભાગની સંબંધિત ક્ષેત્રિય કચેરીએ ૧૫ દિવસની મર્યાદામાં આપી દેવાની રહેશે. આ જોગવાઇ જે કામોની તાંત્રિક મંજૂરી લાઇન ડીપાર્ટમેન્ટ ધ્વારા આપવાની રહે છે તેને લાગુ પડશે.

૩(II) જો નગરપાલિકાનું કામ વિશિષ્ટ પ્રકારનું હોય અને સ્વર્ણિમ જયંતી મુખ્ય મંત્રીશ્રી શહેરી વિકાસ યોજનાના ઘટકઃ૨, મોડેલ નગરપાલિકા યોજના હેઠળ મંજુર કરવામાત્ર હોય પરંતુ આ કામ જો કોઇ લાઇન ડિપાર્ટમેન્ટ સાથે સીધી રીતે સંકળાતું ન હોય તો આવા વિશિષ્ટ કામની તાંત્રિક

મંજૂરી આપવા તે જિલ્લા કક્ષાની તાંત્રિક સમિતિ વિચારણા કરી શકશે અથવા કોઇ તાંત્રિક અધિકારી/પેટા સમિતિને તાંત્રિક મંજૂરી આપવા માટેની સત્તા આપી શકશે.

3(III) અગાઉ મંજૂર થયેલ મોડલ નગરપાલિકાના કામો માટે જે તે લાઇન ડિપાર્ટમેન્ટની તાંત્રિક મંજૂરી મળી હોય અથવા પ્રોસેસમાં હોય અને જો આ કામો સ્વર્ણિમ જયંતી મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજનાના ઘટકઃ૨, મોડેલ નગરપાલિકા યોજના હેઠળ અગ્રતામાં આવતા હોય તો તે કામોને પણ જિલ્લા કક્ષાની તાંત્રિક સમિતિ મંજૂરી આપી શકશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. એન. ભટ્ટ)
અધિક સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,

૧. અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
૨. અગ્રસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
3. અગ્રસચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર – ઘટતી કાર્યવાહી માટે.
૪. સચિવશ્રી, પાણી પુરવઠા, નર્મદા, જળ સંપત્તિ, પા.પુ. અને ક. વિભાગ ઘટતી કાર્યવાહી માટે.
૫. અધ્યક્ષશ્રી / સચિવશ્રી GWSSB, ગાંધીનગર.
૬. અધિક સચિવશ્રી (પ્રો), શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. સર્વે કલેકટરશ્રી અને ચેરમેનશ્રી ડુડા (DUDA) - ત્વરિત ઘટતી કાર્યવાહી સારૂ.
૮. સેકશન અધિકારીશ્રી, ધ-શાખા, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૯ નાણા સલાહકારશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૦. નિયામકશ્રી નગરપાલિકાઓ, ગુજરાત સરકાર ગાંધીનગર, (સર્વે નગરપાલિકાઓને પરિપત્રિત કરવા સારૂ)